# પેનાંગમાં બિઝનેસ ઇવેન્ટ માટે ભારત ટોચના પાંચમાં સામેલ

## મલેશિયાના પેનાંગમાં માઇસ ટૂરિઝમ અને રોકાણ માટે રોડ શો

ઇટી બ્યૂરો
અમદાવાદ

મલેશિયાનું અગ્રિમ રાજ્ય એવા પેનાંગે ગુજરાતમાંથી ફાર્માસ્યુટિકલ અને ઇવેન્ટ આધારિત માઇસ ટૂરિઝમ ક્ષેત્રે ગુજરાતમાંથી રોકાણ મેળવવા કવાયત હાથ ધરી હતી. મલેશિયાના પેનાંગ કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન બ્યૂરો (પીસીઇબી)એ અમદાવાદમાં તેના પ્રથમ સેલ્સ મિશનની શરૂઆત કરી છે. ભારતમાં પેનાંગે તેના બીજા સેલ્સ મિશનના ભાગરૂપે અમદાવાદમાં બુધવારે રોડ શો યોજ્યો હતો.

પીસીઇબીએના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અશ્વિન ગુનાસેકરને જણાવ્યું હતું કે, "ભારત પેનાંગમાં બિઝનેસ ઇવેન્ટ્સ માટેનાં ટોચનાં પાંચ માર્કેટ્સમાંનું એક છે અને ગયા વર્ષથી અમને ઇવેન્ટ પ્લાનર્સ અને કોન્ફરન્સ ઓર્ગેનાઇઝર્સ દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. પેનાંગ માટે ભારત ટોચના દેશ તરીકે ગણાય છે, અને ગયા વર્ષે ભારતમાંથી બિઝનેસ અને લિઝર પ્રવાસીઓની સંખ્યા ૧૧ ટકા વધી




હતી, આગામી વર્ષે આ વધારો ૩૦ ટકા સુધી પહોંચે તેવો અંદાજ છે. ગુજરાતમાંથી ટેક્સટાઇલ, ફાર્મા સેક્ટર અને પ્રવાસન માટે રોકાણની તક અંગે વિવિધ જૂથ સાથે ચર્ચા કરવામાં આવી હતી."

અશ્વિન ગુનાસેકરનની અધ્યક્ષતામાં અમદાવાદ આવેલા આ મિશનમાં પેનાંગ ડેલિગેશનના ૧૨ પાર્ટનર્સ છે, જેમાં હોટેલ્સ, ડેસ્ટિનેશન, મેનેજમેન્ટ કંપનીઓ, આકર્ષણો અને થીમ પાર્ક, પ્રોફેશનલ કોન્ફરન્સિસ ઓર્ગેનાઇઝર્સ, ઇવેન્ટ એક્સ્પર્ટ્સ તથા પીસીઇબીના સ્ટ્રેટેજિક એરલાઇન પાર્ટનર મલેશિયા એરલાઇન્સ સામેલ છે. ભારતમાંથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં પેનાંગની હવાઈ સફર કરીને જતા હોય છે તેમની સંખ્યામાં પણ હાલનાં વર્ષોમાં વધારો થયો છે. પેનાંગ ઇમિગ્રેશન ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૧૮ દરમિયાન પેનાંગ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વર્ષ ૨૦૧૭માં આવેલા ૬૫૬૯ ભારતીયોની તુલનામાં ૭૨૫૦ ભારતીય પ્રવાસીઓ પહોંચ્યા હતા. પેનાંગ અને ભારત વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ ન હોવા છતાં ૧૧ ટકા જેટલો વધારો થયો હતો, હજુ વધી શકે તેમ છે.

પેનાંગનું પ્રતિનિધિમંડળ અમદાવાદ બાદ ૧૧ જાન્યુઆરીએ મુંબઈમાં અને ૧૪ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં પેનાંગને પ્રમોટ કરવાના હેતુથી રોડ શો યોજશે. તેઓ પેનાંગને કોર્પોરેટ એન્ડ એસોસિયેશન મિટિંગ્સ, કોન્ફરન્સ અને ઇન્સેન્ટિવ્સ ઉપરાંત લિઝર ટ્રાવેલ માટે પસંદગીના સ્થળ તરીકે પ્રમોટ કરશે.